# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૧૨/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૩૯૦ લીટર દેશી દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૮૪૭/૨૦૨૫**

**ઈસનપુરઃ** જવલંતભાઇ હર્ષદરાય ફાજલીયા (ઉ.વ.૫૦)(રહે.જશોદાપાર્ક સોસાયટી, ઈશ્વરનગર બસ સ્ટેન્ડ પાસે, ઉત્તમનગર કેનાલ રોડ, ઈસનપુર) એ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૫ બપોરના આશરે ૩/૦૦ વાગ્યાના સુમારે જવલંતભાઇના મોબાઈલ ફોનમાં WHATSAPP માં અજાણ્યા મોબાઈલ નંબર–૬૩૭૧૩૦૮૭૪૭ અને ૬૩૫૩૬૦૫૧૦૧ પરથી મેસેજ આવેલ હતો જેમાં “આપે આપના ઘરે જે અદાણી ગેસ કનેક્શન લાગેલ છે તે બાબતે બીલ અપડેટ કરેલ નથી જેથી આપનું ગેસ કનેક્શન બંધ થઇ જશે” અને તે મેસેજમાં નીચે એક મોબાઈલ નંબર–૯૬૭૦૩૨૮૧૨૬ જેનું નામ RAMKRISHNA NAGIMA જણાવેલ હતું અને કહેવામાં આવેલ કે “આપ તેને ફોન કરો” જેથી જવલંતભાઇએ ફોન કરી વાત કરતા સામેથી જણાવેલ કે “હું અદાણી ગેસમાંથી વાત કરું છું આપનું જે ગેસ કનેક્શન લાગેલ છે તેનું બીલ અપડેટ થયેલ નથી, જેને આપ અપડેટ નહિ કરો તો રાત્રે ૯/૦૦ વાગ્યા સુધીમાં બંધ થઇ જશે અને આપે આ અપડેટ કરવા માટે રૂપિયા ૧૨/– ભરવા પડશે. જેથી જવલંતભાઇએ રૂપિયા ૧૨/– ભરવા માટે ડેબીટકાર્ડ દ્વારા ટ્રાય કરેલ પરંતુ પેમેન્ટ થયેલ નહિ જેથી ચાલુ ફોનમાં અજાણી વ્યક્તિએ કહેલ કે “આપ આપનું WHATSAAP ઓપન કરો તેમાં હું જેમ સમજાવું તેમ કરશો એટલે પેમેન્ટ થઇ જશે અને આપનું ગેસ બીલ અપડેટ થઇ જશે” તેમ કહી જવલંતભાઇ ને વિશ્વાસમાં લઇ તેમના WHATSAAP માં એક લીંક GAS CONNECTION.APK નામથી મોકલેલ અને તે લિન્ક ઓપન કરી તેમાં જવલંતભાઇએ તેમના SITARAM TREDING ના ખાતાનો આઇડી અને પાસવર્ડ નાંખેલ. જેથી તરત OTP આવેલ અને જવલંતભાઇએ તેઓને OTP આપેલ નહિ ત્યારબાદ અજાણ્યા વ્યક્તિ દ્વારા કહેવામાં આવેલ કે “તમારી પ્રોસેસ થઇ ગયેલ છે” તેમ કહી તરત ફોન કટ કરી દેતા જવલંતભાઇએ તેમના મોબાઈલનું ઇન્ટરનેટ બંધ કરી દીધેલ અને ત્યારબાદમાં બીજા દિવસે તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૭/૨૫ વાગ્યે અજાણ્યા મોબાઈલ નંબર–૯૬૭૬૦૨૭૬૦૭ પરથી WHATSAPP મેસેજ આવેલ જેનો જવલંતભાઇએ કોઈ જવાબ આપેલ નહિ અને ત્યારબાદ સવારે ૯/૩૦ વાગ્યે જવલંતભાઇના મોબાઈલમાં રૂપિયા ૯૮,૫૦૦/– કપાવાનો મેસેજ આવેલ. જે કોઈ અજાણી વ્યક્તિએ જવલંતભાઇનો મોબાઈલ ફોન હેક તેમના ઘરના ગેસનું કનેક્શન અપડેટ કરવાના બહાને રૂપિયા ૯૮,૫૦૦/– ઓનલાઇન ઉપાડી લઇ જવલંતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

**ચાંદખેડાઃ** સોનલકુમારી ઉર્ફે સોનુ વા/ઓ ભરતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૭)(રહે. સાઈ સિમરન રેસીડેન્સી ટી.પી.–૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને મોટેરા વિમ્સ હોસ્પીટલ ખાતે લઈ જતા તા.૩૦/૧૨/૨૦૨૫ બપોરના ૧/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

**સરખેજઃ** આશિષકુમાર રાજેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૫)(રહે, વ્રજધામ–૦૨ ઉજાલા સર્કલ પાસે, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિમ્સ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૧૨/૨૦૨૫ બપોરના ૧/૫૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** કમલેશભાઈ કલસીંગભાઈ ડામોર (ઉ.વ.૩૦)(રહે. ત્રિકમપુરા કેનાલના છાપરામાં, જીઆઈડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૫ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમમાં છાપરાની લોખંડની પાઈપ સાથે કાથીની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૫/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રોશની રાજેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી